**DATE: 03/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-09**

### ચૌટાનાકા પાસેથી રૂા.૩.૯૯ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો

# અંકલેશ્વરમાં દારૂ ભરેલી કાર ઝડપાવાના મામલામાં વધુ એક આરોપીની ધરપકડ

## વલસાડના કચી ગામેથી મિલન કિરણ પટેલને ઝડપી પાડ્યો

। અંકલેશ્વર ।

અંકલેશ્વરના ચૌટા નાકા પાસેથી વિદેશી દારૂની ખેપ મારતી કાર ઝડપાવાના મામલામાં વધુ એક આરોપીને પોલીસે વલસાડના કચી ગામેથી ઝડપી પાડ્યો હતો. ગત તા.૧૨ નવેમ્બરના રોજ ભરૂચ એલસીબીના સ્ટાફને બાતમી મળી હતી કે સજોદ ગામમા રહેતો બુટલેગર જીતેન્દ્ર ઉર્ફે ચીનો અરવિંદ પટેલ દારૂનો જથ્થો ભરી નિકોરા ખાતે રહેતો કાલિદાસ વસાવાને ત્યાં ખાલી કરવા મોકલનાર છે.

જેવી બાતમીના આધારે પોલીસે અંકલેશ્વરના ચૌટા નાકા પાસે વોચ ગોઠવી કુલ રૂા.૩.૯૯ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને ભરૂચી નાકા સ્થિત વાઘેલાવાડ ખાતે રહેતો ચિરાગ ઉર્ફે કાળીયો દીપક પ્રજાપતિ અને રોહિત ઉર્ફે કાર્તિક રમેશ વસાવાને ઝડપી પાડ્યો હતો. જયારે બુટલેગર જીતેન્દ્ર અરવિંદ પટેલ સહીત કાલીદાસ વસાવાને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી હતી તે દરમિયાન પોલીસે આ પ્રોહીબીશન એક્ટના ગુનામાં સંડોવાયેલ વલસાડના કચી ગામેથી મિલન કિરણ પટેલને ઝડપી પાડ્યો હતો.

**DATE: 03/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### મજૂરી કામે આવી ચોરીના રવાડે ચઢી ગયા હતાં

# અંકલેશ્વરમાંથી 13 વર્ષ પહેલાં બાઈક ચોરી કરનાર 2 ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



અંકલેશ્વરમાં 13 વર્ષ પૂર્વે બાઈક ચોરીના ગુનાને અંજામ આપનાર 2 આરોપીને પોલીસે મધ્યપ્રદેશથી ઝડપી પાડયાં હતાં.

ભરૂચ જિલ્લામાં નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા માટે પોલીસની પેરોલ ફર્લો સ્ક્વોડની ટીમ મધ્યપ્રદેશ ખાતેના કઠીવાડા ખાતે ગઈ હતી. જ્યાં બાતમી મળી હતી કે વર્ષ 2011માં અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ મથકના બાઈક ચોરીના ગુનામાં સંડોવાયેલ 2 ઈસમો ગામમાં ફરી રહ્યા છે. જેથી સ્થાનિક પોલીસને સાથે રાખી તપાસ કરતા બાઈક ચોરીના ગુના આરોપીઓ પારસીંગ કનેરા અને રાકેશ ચૌહાણની ધરપકડ કરી હતી. આરોપી ઓ વર્ષ 2011માં અંકલેશ્વરમાં મજૂરી કામ અર્થે આવ્યા હતા એ દરમિયાન રાત્રીના સમયે ચાર આરોપીને મળી બાઈક ચોરીના ગુનાને અંજામ આપ્યો હતો. જે પૈકી 2 આરોપીની અગાઉ ધરપકડ કરવામાં આવી હતી.

**DATE: 04/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

# ચેક રિટર્ન કેસમાં નાસતો ફરતો આરોપી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરના લિંકરોડ પર ગુજરાત હાઉસિંગ બોર્ડ પાસેના અયોધ્યાનગર ખાતે રહેતાં ઓમસિંહ લુણસિંહ રાજપુરોહિત સામે ચેક રિટર્નનો કેસ નોંધાયો હતો. જેના પગલે વડોદરાના 29માં એડીશનલ ચીફ જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં કેસ ચાલી જતાં તેમણે આરોપીને 6 મહિનાની સાદી કેદ અને 10 લાખનો દંડ કર્યો હતો. સજાથી બચવા માટે તે નાસતો ફરતો હતો. દરમિયાનમાં ભરૂચ પેરોલ સ્કવોર્ડની ટીમે તેને ઝડપી પાડી ભરૂચ એ ડિવિઝન પોલીસને સોંપ્યો હતો.

**DATE: 04/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

# અંકલેશ્વરમાં ડમ્પિંગ સાઈટ પાછળથી દારૂના જથ્થા સાથે બૂટલેગર ઝડપાયો

અંકલેશ્વર

અંકલેશ્વર શહેરના આંબોલી રોડ ઉપર આવેલ સરસ્વતી પાર્ક સોસાયટીમાં રહેતો શાહરૂખ મહેમુદ મન્સૂરી સુકાવલી ડમ્પિંગ સાઈટ પાછળ વિદેશી દારૂનો જથ્થો ઉતારેલ છે અને હાલ સગેવગે કરી રહ્યો છે. જેવી બાતમીના આધારે પોલીસે દરોડાને પગલે બે પૈકી એક ઈસમ એકટીવા લઈ ફરાર થઈ ગયો હતો. જયારે પોલીસને સ્થળ પરથી વિદેશી દારૂની ૬૨૪ નંગ બોટલ મળી આવી હતી. પોલીસે ૬૨ હજારનો દારૂ અનેફોન મળી કુલ ૭૨ હજારથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો.અને બુટલેગર શાહરૂખ મહેમુદ મન્સૂરીને ઝડપી પાડ્યો હતો. જયારે દિગ્વિજયસિંહ કિરણસિંહ ચૌહાણને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 04/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### અભયમની ટીમને ફોન કરતાં સમાધાન કરતાં મામલો થાળે પડ્યો

# દીકરાના મૃત્યુનો મલાજો ન જાળવ્યો, 15 દિવસમાં પતિ પ્રેમિકાને ઘરે લાવ્યો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લાના એક ગામમાં પતિની નફ્ફટાઈ સામે આવી છે. દિકરાના મોતના 15 દિવસ પણ થયા ન હતાં ત્યાં તે પોતાની પ્રેમિકાને લઇને ઘરે રહેવા આવી ગયો હતો.

ભરૂચ જિલ્લા 181 અભયમ મહિલા હેલ્પલાઈનના જણાવ્યા અનુસાર પીડિતાના દીકરાને મૃત્યુ પામીને 15 દિવસ જ થયા છે અને તેમના પતિ તેમની પ્રેમિકાને લઇને ઘરે આવી ગયા છે અને કહ્યું હતું કે હવે મારે મારી પ્રેમિકાને જોડે રાખવી છે મારે તારી સાથે નથી રહેવું. જેથી ભરૂચ અભયમ ટીમ ઘટનાસ્થળે પીડિતાની મદદે પહોંચી પીડિતા સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે તેમના પતિનું બીજી મહિલા સાથે સબંધ હોવાથી પીડિતા ને સારું રાખતા ન હતા . પીડિતાના બે દીકરા હતા તેમાંથી એક દીકરાનું હાલ મરણ થયેલ છે. પીડિતા જણાવે છે કે દીકરા નું મરણ થતાની તરત જ મારા પતિ પ્રેમિકા ને ઘરે લઈને આવી ગયા અને પીડિતા ને અને તેમના એક દીકરા ને કહે છે હું મારી પ્રેમિકા ને મારી સાથે મારી ઘરે રાખીશ ત્યાર બાદ પીડિતાના પતિ અને પ્રેમિકાનું કાઉન્સિલિંગ કરી કાયદાકીય જાણકારી આપી પ્રેમિકાને સમજાવ્યા બાદ પતિ અને પ્રેમિકા એ અલગ થવાનો ફેંસલો કરીને બાહેધરી આપી કે હવે પછી અમે એક બીજાને નહિ મળીયે તેમ સુખદ સમાધાન કરાવ્યું હતું. ભરૂચ અને નર્મદા જિલ્લામાં અભયમની ટીમને રોજના સરેરાશ 5 જેટલા ફોન આવી રહયાં છે અને અભયમની ટીમ સ્થળ પર પહોંચી સમાધાન કરાવી મામલો થાળે પાડે છે અથવા પોલીસ ફરિયાદ નોંધાવતી હોય છે.

**DATE: 04/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### ભરૂચના બાદશાહ ટેકરા ખાતે ચોરી થઇ હતી

# 83 હજારની ચોરીમાં પોલીસની ટીમે એક સગીરને ઝડપી પાડ્યો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ



ભરૂચના દાંડિયાબજાર વિસ્તારમાં આવેલા બાદશાહ ટેકરા ખાતે રહેતાં અને એસટી ડેપો સામે મોગલપુરામાં કપડાની દુકાન ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતાં જ્યોત્સના અરવિંદ ઘીવાલાના ઘરમાં ગત 17મી નવેમ્બરના રોજ તસ્કરે ત્રાટકી ઘરમાંથી 83 હજાર રોકડા અને એક મોબાઈલની ચોરી થઈ હતી. ઘટનાના પગલે પોલીસે એલસીબીની ટીમે તપાસ શરૂ કરતાં ટેક્નિકલ સર્વેલન્સ અને હ્યુમન શોર્સથી માહિતી મળી હતી કે, અગાઉ દુકાનમાં ચોરી કરવાના મામલામાં પકડાયેલા સગીર બાળક સંડોવાયેલો છે. તે હાલ સુથીયાપુરા ફળીયામાં આંટાફેરા મારે છે. જેથી ટીમે ત્યાં વોચ રાખી હતી. દરમિયાનમાં શકમંદ બાળક આવતાં તેને ઝડપી પાડતાં તેની પાસેથી 60 હજાર રોકડા તેમજ મોબાઈલ પોલીસે રિકવર કર્યો હતો. તેણે કબુલ્યું હતું કે, તેણે લોખંડના સળીયાથી બારીનો નકુચો તોડી ઘરમાં પ્રવેશ કરી ચોરી કરી હતી.

**DATE: 05/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# અંકલેશ્વરમાંથી બાઈક ચોર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસીમાં અમસલકેમિકલ કંપની પાસે થયેલ બાઈક ચોરીનો ભેદ ઉકેલાયો હતો. જુના દીવાગામનદ શૈલેષ વસાવા ગત30 મી ના રોજ અમસલ કંપની પર નોકરી પર ગયો હતો અને ત્યાં બાઈક પાર્ક કરી હતી. જયાંથી તેની બાઈક ચોરાઈ ગઈ હતી. આ ગુનામાં પોલીસે અંકલેશ્વર શહેર ગોયા બજારમાં રહેતા કલ્પેશ પટેલ શંકાના આધારે રોકતાં તેણે ગુનાની કબૂલાત કરી હતી. પોલીસે આરોપીની વધુ પૂછપરછ હાથ ધરી છે.

**DATE: 05/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

# ઝઘડિયા જીઆઈડીસીમાંથી ચોરીની એક્ટિવા ગાડી સાથે એક ઝડપાયો

ઝઘડિયા : પીએસઆઈ એમ.એમ.રાઠોડ ટીમ સાથે ઝઘડિયા જીઆઈડીસી વિસ્તારમાં વાહન ચેકીંગમાં હતા. તે દરમિયાન ઈસમ એક્ટીવા મોપેડ ગાડી લઈને આવતા તેને રોકીને તેની પાસેની બીલ પુરાવા માંગતા તે રજુ કર્યા ન હતા. જેથી તેની સઘન પુછપરછ કરતા તેણે કબૂલાત કરી હતી કે આશરે એકાદ વર્ષ પહેલા નેત્રંગ ખાતે એક્ટીવા ગાડીની ચોરી કરી હતી. લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે પકડાયેલ ઈસમ અરવિંદ ઉર્ફે અશ્વિન રવજી વસાવા રહે.સેલોદને ઝઘડિયા જીઆઈડીસી પોલીસને સોંપીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 05/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-07**

# અંકલેશ્વરમાં ચોરીના ગુનામાં 13 વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપાયો

અંકલેશ્વરઃ ભરૂચ પેરોલ ફર્લો સ્કવોડની ટીમે અંકલેશ્વરના એસટી ડેપો વિસ્તારમાંથી 13 વર્ષ અગાઉ બાઈક ચોરી ભાગતા કુલ ચાર પૈકી બે આરોપીને ઝડપી પાડ્યા હતા. જે-તે સમયે પોલીસ પકડથી ભાગી ગયેલા બે આરોપી પારસીંગ ખુમસી કલેશ તેમજ રાકેશ ચૌહાણની મધ્યપ્રદેશના કઠીવાડા ગામેથી ઝડપી અંકલેશ્વર જીઆઈડીસી પોલીસને વધુ કાર્યવાહી અર્થે સોંપ્યા હતા. તેમની પૂછપરછ દરમિયાન અન્ય ત્રણ ચોરીના ગુનામાં સંડોવણી હોવાનું બહાર આવ્યું હતું. દરમિયાન બુધવારે આ ગુનામાં વોન્ટેડ એવા વધુ એક આરોપી અશોક ચૌહાણની અટકાયત કરી હતી.

**DATE: 05/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

### રોકડા મળી રૂા.૯૩ હજારનો મુદ્દામાલ રિકવર કરાયો

# ભરૂચના દાંડિયાબજારમાં થયેલી ઘરફોડ ચોરીમાં સગીર ઝડપાયો

। ભરૂચ ।

ભરૂચ શહેરના દાંડીયાબજાર વિસ્તારના બાદશાહના ટેકરા પાસે ૧૫ દિવસ પહેલા થયેલી ઘરફોડ ચોરીનો ભેદ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઉકેલી નાંખ્યો હતો. એલસીબી પોલીસે ગુનામાં સંડોવાયેલા એક સગીરને ઝડપી પાડી તેની પાસેથી ચોરીના રોકડા રૂપિયા તથા મોબાઈલ મળી કુલ કિંમત રૂા.૯૩ હજારનો મુદ્દામાલ રીકવર કર્યો છે.

ભરૂચ એ.ડીવીઝન પોલીસ મથકના વિસ્તારમાં તા.૧૭ મી નવેમ્બરના રાત્રિના દાંડીયાબજાર વિસ્તારમાં આવેલી બાદશાહના ટેકરા પાસે ઘરફોડ ચોરીનો બનાવ બન્યો હતો. જેમાં મકાનમાંથી રોકડા રૂા.૮૩ હજાર અને મોબાઈલ મળી કુલ ૮૬ હજારના મત્તાની ચોરીની ફરિયાદ નોંધાઈ હતી. આ મામલે એલસીબીના પોલીસ સબ ઈન્સ્પેકટર ડી.એ.તુવરની ટીમ ભરૂચ શહેરમાં પેટ્રોલીંગમાં હતી ત્યારે ટીમને ટેક્નિકલ સર્વેલન્સ અને હ્યુમન શોર્સથી માહિતી મળી હતી કે, ભરૂચ શહેર એ.ડીવીઝન બાદશાહના ટેકરા પાસે થયેલ ઘરફોડ ચોરીના ગુનામાં અગાઉ દુકાન ચોરીમાં પકડાયેલા સગીર સંડોવાયેલો છે, તે હાલ સુથીયાપુરા ફળીયામાં આટાફેરા મારે છે.

આ માહિતીના આધારે ટીમે સુથીયાપુરામાં વોચ તપાસમાં રહી સગીરને તેના વાલી રૂબરૂ તપાસતા તેની પાસેથી બીલ કે આધાર પુરાવા વગરનો મોબાઈલ મળી આવ્યો હતો. તેની વધુ પુછપરછ હાથ ધરતા કબુલાત કરી હતી પોલીસે તેની પાસેથી એક મોબાઈલ અને રોકડા રૂા.૯૦ હજાર મળી કુલ રૂા.૯૩ હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

### ૧૫ દિવસ પહેલા થયેલી ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો

**DATE: 06/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### માલિક મોપેડમાં ચાવી ભૂલી જતો રહ્યો હતો

# નેત્રંગના હાટબજારમાંથી 1 વર્ષ પહેલાં બાઈક ચોરનાર ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે નેત્રંગ ગામેથી એક વર્ષ અગાઉ ચોરાયેલ એક્ટીવા ગાડી સાથે એક ઈસમને ઝડપી લીધો હતો. એલસીબીની ટીમ ઝઘડિયા જીઆઈડીસી વિસ્તારમાં વાહન ચેકીંગમાં હતા તે દરમિયાન એક ઈસમ નંબર પ્લેટ વગરની એક્ટીવા મોપેડ ગાડી લઈને આવતા તેને રોકીને તેની પાસેની મોપેડની બીલ પુરાવા માંગતા તે રજુ કરેલ નહી, જેથી તેની સઘન પુછપરછ કરતા તે ભાંગી પડયો હતો. તેણે કબુલાત કરેલ કે આશરે એકાદ વર્ષ પહેલા નેત્રંગ ખાતે ભરાયેલ મંગળવારી હાટ બજારમાં તે ફરતો હતો તે દરમિયાન એક મોપેડ દેખાયેલ અને તેમા ચાવી પણ લગાવેલ હોવાથી તેની ચોરી કરવાની લાલચ થઈ જતાં ચોરી કરી હતી. મોપેડની ચોરી બાબતે નેત્રંગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. આ ચોરીના ગુનામાં એલસીબીએ ઝઘડિયાના સેલોદના રહેવાસી અશ્વિન વસાવાની ધરપકડ કરી વધુ તપાસ માટે નેત્રંગ પોલીસના હવાલે કર્યો છે..

**DATE: 07/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**



# ધંતુરીયા ગામે જુગાર રમતા 6 જુગારી ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર રૂરલ પોલીસની ટીમ સજોદ, ધંતુરીયા ગ્રામ્ય વિસ્તાર પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન શિવ મંદિર ફળીયા માં સ્ટ્રીટ લાઈટના અજવાળે કુંડાળું વળી જુગાર રમતા 6 ખેલી ને ઝડપી પાડ્યા હતા. પોલીસે સ્થળ પર થી જુગાર રમતા અજય પટેલ, કમલેશ વસાવા , વિજય વસાવા , હેમંત વસાવા, કરણ વસાવા અને અરુણ વસાવા ને રંગે હાથ ઝડપી પાડ્યા હતા તેમની પાસે અંગઝડતી તેમજ દાવ પર લાગેલા રોકડ રૂપિયા 11 હજારનો જપ્ત કરી તમામ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધ્યો છે.

**DATE: 07/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-08**

# વાલિયાના મેરા ગામે ઝાડીમાં સંતાડેલો રૂ.2.69 લાખનો દારૂનો જથ્થો ઝડપાયો



ભરૂચ: વાલિયાના મેરા ગામે ખેતરના શેઢા ઉપર ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો સંતાડી રાખ્યો હોવાની વાલિયા પોલીસને માહિતી મળી હતી. જેના આધારે પોલીસે માહિતીવાળા સ્થળ પરથી 2.69 લાખનો વિદેશી દારૂનો જથ્થા સાથે એક વ્યક્તિને ઝડપી પાડ્યો હતો. જ્યારે એક અન્ય વ્યક્તિને વોન્ટેડ જાહેર કર્યો હતો. વાલિયા પોલીસમથકના સ્ટાફને માહિતી મળી હતી કે, મેરા ગામથી માંગરોલ તરફ જવાના રસ્તે મેરા ગામની સીમમાં આવેલા પ્રવીણસિંહ જયસિંહ કરંબીયાના ખેતરના શેઢા ઉપર ઝાડી ઝાંખરામાં રમેશ માધુ વસાવા (રહે., મેરા)એ ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો મંગાવી સંતાડી રાખ્યો છે અને તેને સગેવગે કરવાની પેરવી કરી રહ્યો છે. આ માહિતી મળતા જ વાલિયા પોલીસે મેરા ગામની સીમમાં રેઇડ કરતાં ખેતરમાં એક ઇક્કો ગાડી નં.(GJ-19-BJ-4482) સાથે અભેસિંગ ધના વસાવા પકડાઇ ગયો હતો. પોલીસે ઇક્કો ગાડીમાં તેમજ ખેતરના શેઢા ઉપર ઝાડી-ઝાંખરામાં તપાસ કરી વિદેશી દારૂ કુલ કિં.રૂ.2,69,760નો પ્રોહિબિશનનો મુદ્દામાલ તથા મોબાઇલ નંગ-૧ કિં.રૂ.5,000 તથા ઇક્કો ગાડી કિં.રૂ.2,00,000 મળી કુલ કિં.રૂ.4,74,760નો મુદ્દામાલ કબજે કર્યો હતો. જ્યારે રમેશ વસાવાને વોન્ટેડ જાહેર કરાયો હતો.

**DATE: 07/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-08**

# વાગરાની વિલાયત ચોકડી પાસે દારૂની હેરાફેરી કરતા બે સપ્લાયર ઝડપાયા

ભરૂચ:ભરૂચથી દેશી દારૂનો જથ્થો ભરી વિલાયત બુટલેગરોને સપ્લાય થવાનો હોવાની બાતમીના આધારે વાગરા પોલીસે વિલાયત ચોકડી નજીક વોચ ગોઠવી હતી. બાતમી મુજબની GJ-16-AT-9903 નંબરની રિક્ષા આવતાં પોલીસે ચાલકને રિક્ષા ઊભી રાખવા ઈશારો કરવા છતાં ચાલક રિક્ષા વિલાયત ગામ તરફ હંકારી ગયો હતો. જેથી પોલીસે આગળ રસ્તા વચ્ચે આડસ મૂકી રોડ બ્લોક કરી ચાલકને ઝડપી પાડ્યો હતો. તપાસ કરતાં રિક્ષામાંથી 220 લીટર જેટલો દેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે રિક્ષા ચાલક દીપક રમેશ વસાવા (રહે., ફાંટા તળાવ, વૈરાગીવાડ, ભરૂચ) તેમજ તેની સાથેના ભાવેશકુમાર રમેશ સોલંકીને ઝડપી પાડ્યા હતા. પૂછપરછ દરમિયાન જણાવ્યું હતું કે, આ દારૂનો જથ્થો ભરૂચના ફાંટા તળાવ, વૈરાગીવાડ વિસ્તારમાં રહેતા રવિ રમેશ વસાવાએ ભરી આપ્યો હતો. આ જથ્થો વાગરાના વિલાયતનાં મીનાબેન હસમુખ પરમાર તેમજ દલપત પરસોત્તમ પરમારને આપવાનો હતો. જેથી વાગરા પોલીસે 44 હજારની કિંમતનો દારૂ, મોબાઈલ અને રિક્ષા મળી કુલ 1.99 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. ઝડપાયેલા બે આરોપી તેમજ દારૂ ભરી આપનાર તેમજ વિલાયતના બે મળી ત્રણને વોન્ટેડ જાહેર કરી તમામ સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 07/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### ભરૂચ તાલુકાના ટંકારિયાના તબીબને 14 લાખનો ચૂનો ચોપડ્યો હતો

# ડિઝીટલ એરેસ્ટ કેસમાં પાટણથી આરોપી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના ટંકારિયા ગામે રહેતાં અને બીએસએએમનો અભ્યાસ કરી ઈખર ગામે ખાનગી ડોક્ટરીની પ્રેક્ટિસ કરતાં બશીર અહેમદ ઈબ્રાહિમ મનમનના ફોન પર શખ્સે પોતે ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયાના અધિકારી તરીકે ઓળખ આપી ફોન કર્યો હતો. તેમજ તેમના બેન્ક એકાઉન્ટનો ઉપયોગ કરી 6.80 કરોડની હેરાફેરી કરી હોવાનું જણાવી તેમાં સીબીઆઇ સહિતની ટીમોની તપાસ ચાલી રહી છે. તેમ કહીં ધમકાવી તેમને ડિઝીટલ એરેસ્ટ કરી તેમની પાસેથી કુલ 14 લાખ રૂપિયા પડાવી લીધાં હતાં.

ભરૂચ સાયકર ક્રાઈમ પોલીસની ટીમે તપાસ હાથ ધરી હતી. ટેક્નિકલ સર્વેલન્સની મદદથી તેમના રૂપિયા પાટણની પદ્મનાથ ચોકડી પાસે આવેલી સ્વદુરવિલા સોસાયટીમાં રહેતાં પાર્થ નરોત્તમદાસ પંચાલના ખાતામાં ગયાં હોવાનું માલુમ પડતાં ટીમે પાટણથી તેને ઝડપી પાડ્યો હતો. પોલીસની પ્રાથમિક પુછપરછમાં તેણે કબુલ્યું હતું કે, એક મિત્રએ તેના ખાતામાં રૂપિયા નખાવ્યાં હતાં. જેમાં તેને 20 હજાર રુપિયા કમિશન મળ્યું હતું.

ત્યારે સીબીઆઈ, આરબીઆઈ સહિત અન્ય મોટી એજન્સીઓના નામે લોકોને ફોન કરી તેમના એકાઉન્ટનો ગુનાઈત કામમાં ઉપયોગ થયો હોવાનું જણાવી તેમની ધરપકડ કરવાની ફોન પર જ ધમકીઓ આપી તેમને ડિઝીટલ એરેસ્ટ કરવાના કારસામાં મુખ્ય સુત્રધાર અન્ય હોવાનું પ્રાથમિક તબક્કે જાણવા મળતાં ટીમ દ્વારા તેમના સગડ મેળવી તેમને પણ ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યાં છે.

ભરૂચ સાયબર ક્રાઈમની ટીમે હાલમાં ઝડપાયેલાં પાર્થ પંચાલને અદાલતમાં રજૂ કરતાં કોર્ટે તેના 4 દિવસના રિમાન્ડ મંજૂર રાખ્યાં છે.

## એકાઉન્ટમાં પાંચ લાખ રુપિયા આવ્યાં છે

પાર્થનું એકાઉન્ટ ભેજાબાજોએ ભાડેથી રાખ્યું હતું. જેમાં તેઓ રૂપિયાનું ટ્રાન્ઝેક્શન કરતાં હતાં. જેના બદલામાં ભેજાબાજો તેને 20 હજાર ભાડું ચુકવતાં હતાં. ટંકારિયાના તબીબના ખાતામાંથી પાર્થના ખાતામાં 5 લાખ રૂપિયા ગયાં હતાં. જેથી ટીમે તેની ધરપકડ કરી છે. ત્યારે તેનું એકાઉન્ટ ભાડે લેનાર શખ્સ તેનો પરીચિત જ હોવાથી ટીમે હવે તેને દબોચવાના પ્રયાસ શરૂ કર્યાં છે.

**DATE: 08/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# અંકલેશ્વરમાંથી ફરાર આરોપી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેરનાએ ડિવિઝન પોલીસ મથકે દારૂના ગુનામાં વોન્ટેડ આરોપી ઝડપી પાડ્યો હતો. શહેર એડિવિઝન પોલીસ મથકે પ્રોહિબિશનના ગુનામાં વોન્ટેડ મહંમદ અરબાઝ ઉર્ફે અરબાઝ અસલમ શેખ રહે વ્હાઈટ પર્લ રેસિડન્સી ઉમરવાડા રોડ અંગે ચોક્કસ માહિતી મળતા પોલીસે માહિતી આધારે બી ડીવીઝન પોલીસ વિસ્તારમાં આવતા જ પોલીસે ઝડપી પાડ્યો હતો. અને તેને શહેર એ ડિવિઝન પોલીસ મથકે જાણ કરી વધુ તપાસ આરંભી હતી.

**DATE: 08/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-13**

# ભરૂચના પાર્ટી પ્લોટમાંથી બાઈકની ચોરી કરનારા બે વાહનચોરો ઝબ્બે

## ૨૦૨૩માં એબીસી ચોકડી નજીકથી રૂા. ૧ લાખની બાઈક ચોરાઈ હતી

ભરૂચ : ભરૂચમાં એક વર્ષ અગાઉ એબીસી ચોકડી પર આવેલા પાર્ટી પ્લોટ પરથી ચોરાયેલી કેટીએમ બાઈકનો ભેદ ઉકેલી નાખી બે ઈસમોને ભરૂચ એલસીબીની ટીમે ઝડપી પાડયા છે. પોલીસે બંને આરોપીઓને વધુ તપાસ માટે સી.ડીવીઝન પોલીસમાં સોંપ્યા છે.

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચ ટીમના પીએસઆઈ ડી.એ.તુવર અને તેમની ટીમના માણસો ભરૂચ શહેરમાં પેટ્રોલીંગમાં હતા તે સમય દરમ્યાન માહિતી મળી હતી કે, સુમીત વસાવા અને દેવેન્દ્ર ચુડાસમા નામના બંને ઈસમો કેટલાક સમયથી નંબર વગરની કેટીએમ કંપનીનું બાઈક લઈ ફરે છે અને હાલમાં આ બંને દુધધારા ડેરીના ગેટ પાસે બાઈક લઈ ઉભેલા છે. માહિતી મળતા પોલીસ ટીમે તાત્કાલીક સ્થળ પર પહોંચી બંને ઈસમોને બાઈક સાથે ઝડપી પાડયા હતા. બાઈક અંગેના આધાર પુરાવા માંગતા બંને પાસે ન હોય અને તેઓ કોઈ પણ સંતોષકારક જવાબ આપી શકયા ન હતા. જેથી પોલીસે તેમની પાસેના પોકેટકોપ મોબાઈલ મારફતે તપાસ કરતા જાણવા મળ્યુ હતુ કે, ગત વર્ષ ૨૦૨૩માં એબીસી ચોકડી નજીક આવેલા ગેલેક્ષી પાર્ટી પ્લોટમાં ગરબા રમવા આવ્યા હતા ત્યારે તેમની બાઈક ચોરાઈ ગઈ હતી. ત્યારે બંન્નેની કડક પુછતાજ કરતા તેઓએ પોતાનો ગુનો કબુલ કરી લેતા પોલીસે ચોરીની કેટીએમ બાઈક કિંમત રૂા.૧લાખ ગણીને બંને આરોપીઓને વધુ તપાસ માટે પોલીસમાં સોંપ્યા છે.